# અધધ... લાંચ લેતા પકડાયેલ ઈજનેર પાસેથી રૂ.૨.૨૭ કરોડ રૂપીયા રોકડા મળી આવ્યા

## ગાંધીનગરના સર્વ શિક્ષા અભિયાનના ઈજનેર નિપુણ ચોકસીના નાગરિક બેંકના ત્રણેય લોકરમાંથી સવા બે કરોડ રૂપીયા તેમજ ૧૦ લાખના દાગીના મળી આવ્યા





ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર સર્વ શિક્ષા અભિયાનની કચેરીમાં લાંચના રૂ.૧.૨૧ લાખ લેતા એસીબીના હાથે રંગેહાથ ઈજનેર નિપુણ ચોકસી ઝડપાયા હતા.નિપુણ ચોકસીના રિમાન્ડ દરમિયાન પોલીસની વધુ તપાસમાં વિવિધ બેંકના લોકરોમાં તપાસ હાથ ધરાઈ હતી. જેને પગલે ઈજનેરના બેંક લોકરમાંથી સોના-ચાંદીના દાગીના સહિત માત્ર બે જ લોકરમાંથી એસીબીની ટીમને રૂ.૨.૨૭ કરોડ મળી આવતા ટીમે સપાટો બોલાવ્યો છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સર્વ શિક્ષા અભિયાન હેઠળ પાટણ જિલ્લાના સમી તાલુકામાં બોયઝ હોસ્ટેલ તેમજ શંખેશ્વર તાલુકામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના કામના બિલોની અવેજીમાં પેટા કોન્ટ્રાકટર પાસે ટકાવારી નક્કી થઈ હતી.જેમાં રૂ.૧.૨૧ લાખની લાંચ લેતા સર્વ શિક્ષાની કચેરી ખાતે જ ઈજનેર નિપુણ ચોકસી આબાદ રીતે ઝડપાઈ ગયા હતા. નિપુણ ચોકસીના બે પુસ્તકનું વિમોચન પણ શિક્ષણમંત્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારે એસીબી પોલીસે નિપુણ ચોકસીને લાંચ લેતા ઝડપી લીધા બાદ ઈજનેરના ઘરની ઝડતી લેવામાં આવતા ઘરેથી રોકડા રૂ.૪.૧૨ લાખ મળી આવ્યા હતા. જેથી કોર્ટમાંથી બે દિવસના રિમાન્ડ મેળવી જુના સચિવાલય સ્થિત નાગરીક બેંકના ઈજનેરના લોકરની ઝડતી લેતા રૂ.૭૪.૫૦ લાખ રોકડા મળી આવ્યા હતા. ત્યારબાદ શહેરના ઘ-૨ વિસ્તારમાં આવેલી બેંકની શાખામાં અને અન્ય બે લોકરમાં પણ શોધખોળ કરાઈ હતી. જેમાં રૂ.૧,૫૨,૭૫,૦૦૦ની બેનામી સંપતિ મળી આવી હતી. તે ઉપરાંત કેનેરા બેંકના લોકરમાંથી રૂ.૧૦ લાખના સોના-ચાંદીના દાગીના મળી આવ્યા હતા. સ્ટેટ ઈજનેર નિપુણ ચોકસી પાસેથી રૂ.૨.૨૭,૨૫,૦૦૦ ની સંપતિ જપ્ત કરી એસીબી પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગરમાં લાખો-કરોડોના 'વહિવટ'ની બોલબાલા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં વર્ષોથી જુનિયર એન્જીનીયર અને નાયબ ઈજનેર તરીકેની સેવા આપનાર નિપુણ ચોકસીને ત્યાંથી એસીબીના દરોડામાં ૨ કરોડ ૨૭ લાખ જેવી રેકોર્ડ બ્રેક રોકડ રકમ મળતાં સમગ્ર શહેરમાં ચકચાર મચી હતી. સરકારી ઓફિસો અને શહેરના બજારોમાં સમગ્ર ઘટના ટોક ઓફ ધ ટાઉન બની ગઈ હતી. ઠેર ઠેર આ ઘટનાના વિવિધ પાસાઓની ખુલ્લેઆમ ચર્ચા કરતાં કેટલાંક જાણકાર આગેવાનો એવું કહેતાં હતાં કે આ તો માત્ર ટ્રેલર છે પીક્ચર આખુ જોવા મળે તો કદાચ ગાંધીનગરમાં અકલ્પનીય રોકડ રકમ પકડાય એમ છે. એક નિવૃત્ત ઈજનેરના કહેવા મુજબ માત્ર ગણતરીના સો એક પરિવારોની ઉલટ તપાસ થાય તો કાઢી નાંખતા ૩૦૦ થી ૩૫૦ કરોડની રોકડ રકમ મળી શકે તેમ છે. પણ આ તો 'છીંડે ચડ્યો તે ચોર''..!! સાહેબ..! ભ્રષ્ટાચાર મુક્ત ભારત અને ભ્રષ્ટાચાર મુક્ત ગુજરાતના સુત્રો માત્ર બોલવા કે સાંભળવામાં સારા લાગે છે બાકી ખુલ્લેઆમ બેરોકટોક ''વહિવટ'' ચાલે છે એની કોઈ ના કહી શકે તેમ નથી..! કેટલાંક ખાસ વહીવટદારો આ પ્રકારની લેવડદેવડમાં માહિર ગણાય છે. જેમની સચિવાલય અને સરકારી કચેરીઓમાં ભારે બોલબાલા છે.

**સરકારી ઓફિસોની આસપાસ દૈનિક ૨ થી ૩ કરોડના 'વહિવટ'ની ખુલ્લેઆમ ચર્ચા**

ગાંધીનગરમાં રોજનો ૨ થી ૩ કરોડનો વહિવટ તો ખાલી સરકારી ઓફિસોની આસપાસમાં જ થાય છે. મિલ્કતો-દાગીનાઓ-રાચરચીલુ આ બધું તો જુદુ..!! પણ નગદ રૂપિયા રાખનારા વીર બહાદુરોની સંખ્યા પણ ઓછી નથી..! ગાંધીનગરની બેંકોના લોકરો આવા રૂપિયા અને દાગીનાઓથી છલકાય છે..!! કેટલાંય વહિવટદારોને કયા લોકરોમાં કેટલા રૂપિયા પડ્યા છે તેની ખબર સુદ્ધા પણ નથી એટલી હદે રૂપિયા ભેગા કર્યા છે..

સાહેબ..! સાત સાત પેઢીઓ સુધી ઉની આંચ ના આવે તેવા રૂપિયા ભેગા કરનારની સંખ્યા પણ ગાંધીનગરમાં ઓછી નથી..!! બે કરોડ રોકડ રાખનાર એક ચોકસી નથી... ચાર આંકડામાં ચોકસીઓ છે..!! કોઈ એક ચોકસી પકડાય તેનાથી રાજી થવાનુ કે દુઃખી થવાનું રહેતું નથી..! આજકાલ રોકડ લેવડદેવડ સહજ વ્યવહાર થતો જાય છે. કાળા નાણાં નાથવા ભલે નોટબંધીના કાયદાઓ લદાય... ભ્રષ્ટાચારના ભોરીંગને અટકાવવા એન્ટી કરપ્શન બ્યુરો કે ઈડી કે સીબીઆઈની બીક ભલે બતાવાય પણ ગાંધીનગરમાં રોજના કરોડો રૂપિયાના બે નંબરના લેવડદેવડના વ્યવહારો થાય છે એટલુ જ નહી દિવસે દિવસે વધતા જાય છે.

# સૂકો-ભીના કચરાનું સેગ્રીગેશન કલેક્શન પોઈંટ પર થાય તે માટે મનપાએ તાલીમ શરૂ કરી

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ડોર ટુ ડોર કલેક્શન પોઈંટ પર જ ભીનો કચરો અને સુકો કચરો સેગ્રીગેટેડ કરીને જ મળે તે માટે મનપા દ્વારા ડ્રાયવર અને ક્લીનરોની ત્રણ દિવસીય તાલિમનો પ્રારંભ થયો છે.

**ત્રણ તબક્કામાં ત્રણ દિવસ સુધી ડ્રાયવર-ક્લીનરોને ખાસ તાલિમ આપવાનું આયોજન : આજથી આરંભ થયો**

તાજેતરમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ ટાસ્કફોર્સની મળેલી બેઠકમાં જિલ્લા કલેક્ટર ડૉ. આર્યએ કરેલી તાકીદ પછી હરકતમાં આવેલ મનપાએ આજથી ત્રિદિવસીય તાલિમનું આયોજન કર્યુ છે.

મનપાના કોન્ફરન્સ હોલમાં તબક્કાવાર ડ્રાયવર-ક્લીનરને તાલિમ આપવાનુ શરૂ કરવામાં આવ્યુ છે. ડ્રાયવર-ક્લીનરનો આ તાલિમ એક દિવસના બે કલાકની જ આપવામાં આવશે. આ માટે તેમને ત્રણ ગૃપમાં વિભાજીત કરવામાં આવ્યા છે.

આ તાલિમ દરમ્યાન તેમને એક ટૂંકી વિડીયો ફિલ્મ દર્શાવવામાં આવે છે જેમાં સેગ્રીગેટેડ કરેલા કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં કેટલી સરળતા રહે છે તેમજ આ કચરો વાનમાં પણ કેવી રીતે અલગ-અલગ નાખવો જેથી ગંદકી ના થાય અને છતાં ઝડપથી કલેક્શન થાય તેની રીત અને વાત કહેવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર-દહેગામમાં વરસાદના હળવા ઝાપટા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજે સાંજના સુમારે દહેગામ અને ગાંધીનગર તાલુકામાં વરસાદના હળવા ઝાપટા નોંધાયા છે. જિલ્લામાં એક તરફ વરસાદની ખેંચ અને વાતાવરણમાં વધતા જતા ઉકળાટને પગલે જિલ્લાવાસીઓ બેચેન બન્યા છે. આજે બપોરથી વરસાદી માહોલ જામે તેવા વાદળો ઘેરાયા હતા પરંતુ વરસાદ મન મુકીને પડ્યો નથી. આજે સાંજે ૮ વાગ્યા સુધીમાં ગાંધનગર અને દહેગામ તાલુકામાં એક-એક મી.મી. વરસાદ થયો હોવાનું રાજ્ય કંટ્રોલરૂમે જણાવ્યુ છે. જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતો અને જિલ્લાવાસીઓ બેચેન બન્યા છે. વરસાદી માહોલ જામ્યો નહિ હોવાથી ઉકળાટથી બચવા માટે વીજ ઉપકરણોનો વપરાશ પણ વધવા પામ્યો છે. જિલ્લામાં વરસાદ થશે તેવી આગાહીઓની વચ્ચે જે રીતે વરસાદ હાથતાળી આપી રહ્યો છે તેણે હવે સૌની ચિંતામાં વધારો કર્યો છે.

# સપ્તાહના દર શુક્રવારે ''તંત્ર આપને દ્વાર''ના નવતર અભિગમ સાથે અધિકારીઓ પ્રવાસ કરશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાનું સમગ્ર તંત્ર હવે દરેક સપ્તાહના એક દિવસે ગામડાઓ ખુંદી અને ''તંત્ર આપના દ્વારે'' કાર્યક્રમ શરૂ કર્યો છે.

જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ આજે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે જિલ્લાના ૪૫ થી વધુ ક્ષેત્રીય અધિકારીઓ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જશે. જ્યાં તેઓ તેમની કચેરી ઉપરાંત ગ્રામજનોને મળી તેમના પ્રશ્નો સમજશે.

તેમણે કહ્યુ હતુ કે આ સિસ્ટમના મોનીટરીંગ માટે એક ખાસ ગુગલ ફોર્મ પણ બનાવવામાં આવ્યુ છે અને તે ફોર્મ ભરી દર સપ્તાહે આપવાનું રહેશે જેનું જિલ્લાતંત્ર દ્વારા સ્ક્રુટીની કરી અને રિપોર્ટ તૈયાર કરવામાં આવશે.

કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહ તાજેતરમાં ગાંધીનગર સંસદીય મત વિસ્તારના પ્રવાસે આવ્યા ત્યારે તેમણે ગાંધીનગર સંસદીય મત વિસ્તાર આદર્શ સંસદીય મત વિસ્તાર બને તે માટે કરેલા સૂચનો પૈકી આ સૂચન તંત્રને કરવામાં આવ્યુ હતુ.

**ગૃહમંત્રી અમીત શાહના સૂચનને પગલે તંત્ર હરકતમાં : તંત્રએ એક ગૂગલ ફોર્મ પણ બનાવ્યુ**

આ નવતર અભિગમને પગલે ગ્રામ્ય વિસ્તારમાં કયા પ્રશ્નો પડતર છે અને કયા પ્રશ્નો તાત્કાલિક નિકાલ માગે છે તેમજ યોજનાકીય કામગીરી કેટલી થઈ તેના લાભાર્થીઓમાં યોજનાને કારણે આવેલા પરિવર્તનો પણ જાણી શકાશે.

જિલ્લાતંત્ર દ્વારા તંત્ર આપના દ્વારા અભિગમ અંતર્ગત દર શુક્રવારે અધિકારીઓ ગ્રામ્ય વિસ્તારમાં જશે ત્યાં જઈને પોતાનો અહેવાલ તંત્રને આપશે.

● અનુસંધાન પાન-૭ પર

# લોદરાના પૂર્વ તલાટી અને વર્તમાન તલાટીને માહિતી અધિકાર આયોગે દંડ કર્યો

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના માહિતી અધિકારી આયોગે જિલ્લાના બે તલાટીઓને સમયસર માહિતી અરજદારને પુરી નહિ પાડવા બદલ દંડ ફટકારતાં જિલ્લાતંત્રના કર્મચારીઆલમમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

મળતી વિગતો મુજબ માણસા તાલુકાના લોદરાના પૂર્વ તલાટી અને વર્તમાન તલાટીને માહિતી અધિકારી આયોગના કમિશનરે દંડ અનુક્રમે રૂ. ૧૦ હજાર અને પાંચ હજારનો ફટકાર્યો છે.

આ કેસમાં પ્રથમ અપીલ અધિકારી દ્વારા નિકાલના કામમાં કરાયેલ વિલંબની નોંધ લઈ આયોગે પ્રથમ અપીલની સુનાવણીમાં વિલંબ ન થાય તેની સૂચના આપવામાં આવે છે. આ કેસમાં બે તલાટીઓને જવાબદાર ઠેરવતાં આયોગે વર્તમાન તલાટીને રૂ. પાંચ હજાર તેમજ પૂર્વ તલાટીને રૂ. ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે. આ દંડની રકમ તેઓએ પોતાના ભંડોળમાંથી ભરપાઈ કરવાની રહેશે અથવા તેમના પગારમાંથી કપાત કરી ભરપાઈ કરવાની રહેશે. તેઓએ સદરહુ દંડ આદેશ મળ્યાના ૧૫ દિવસમાં જમા કરાવવાની રહેશે અને દિન ૩૦ માં આયોગને તેના ચલણની નકલની કોપી મોકલવાની રહેશે. ૧૫ ઓગષ્ટ સુધીમાં આ દંડની રકમ ભરપાઈ કરવાની રહેશે તેમ પણ ચુકાદામાં જણાવાયુ છે.

# આજે શંકરસિંહ વાઘેલાનો જન્મદિવસ



ગાંધીનગર, તા.૨૦

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને જિલ્લાના વાસણ ગામના વતની શંકરસિંહ વાઘેલાનો આજે જન્મદિવસ છે.કોરોના મહામારીને કારણે જન્મદિવસની કોઈપણ પ્રકારની ઉજવણી નહિ કરવાનો તેમણે નિર્ણય કર્યો છે.

# જિલ્લામાં ૨૦૨૦ની તુલનામાં ૧૫૮ મીમી વરસાદની આ વર્ષે ઘટ

**વરસાદ ખેંચાતા જગતનો તાત ચિંતાતુર બન્યો : જિલ્લાના એક પણ તાલુકામાં હજુ વાવણીલાયક વરસાદ નથી થયો, વાવણી કાર્ય સ્થગિત થયુ : ગત વર્ષે સિઝનનો સરેરાશ ૩૧ ટકા વરસાદ થયો હતો આ વર્ષે માત્ર ૧૧.૩૭ ટકા વરસાદ નોંધાયો**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા હવે સૌના જીવ અદ્ધર થઈ જવા પામ્યા છે. વરસાદી માહોલ બન્યા પછી મેઘરાજા મન મુકી વરસતા ન હોવાથી લોકોમાં ચિંતાનો માહોલ બનવા પામ્યો છે. ગત વર્ષની તુલનામાં આજના દિવસ સુધીમાં ૧૫૮ મી.મી. વરસાદની ઘટ છે.

જિલ્લામાં ગત વર્ષે આ સમય સુધીમાં ચારેય તાલુકામાં વાવણીલાયક વરસાદ થઈ ગયો હતો તેમજ વાવણીકાર્ય પણ પૂરજોશમાં નોંધાયુ હતુ. આ વર્ષે વરસાદી માહોલ બન્યા પછી મેઘરાજાનું આગમન થતુ નથી.

જિલ્લાના એક પણ તાલુકામાં હજુ વાવણીલાયક વરસાદ થયો નથી. વાવેતરનું કામ પણ હાલ સ્થગિત કરી ખેડૂત ચિંતાતુર બન્યો છે એટલુ જ નહિ હવે વાવણી કરાયેલ પાકને બચાવવા પાણી માટે દોડાદોડીમાં વ્યસ્ત બન્યો છે. પિયતના ભાવમાં પણ વધારો થયો હોવાથી ખેડૂતની હાલત દયનીય બનવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ગત વર્ષે આજ સુધીમાં દહેગામ તાલુકામાં ૩૧૪ મી.મી., ગાંધીનગરમાં ૨૨૧ મી.મી., કલોલમાં ૧૭૦ મી.મી. અને માણસામાં ૨૭૫ મી.મી. વરસાદ નોંધાયો હતો. જે ચોમાસાની સિઝનનો ૩૧.૩૫ ટકા વરસાદ હતો. દહેગામમાં ૩૭.૯૧ ટકા, ગાંધીનગરમાં ૩૧.૧૭ ટકા, કલોલમાં ૨૧.૫૨ ટકા અને માણસામાં ૩૪.૦૮ ટકા વરસાદ સિઝનનો સરેરાશ નોંધાયો હતો.

આ વર્ષે જિલ્લાના એક પણ તાલુકામાં વાવણીલાયક વરસાદ પણ થયો નથી. વરસાદની ઘટને લીધે જિલ્લામાં ખરીફ પાકની વાવણી પણ સ્થગિત થઈ ગઈ છે અને જગતનો તાત ચિંતાતુર બન્યો છે.

જિલ્લામાં આ વર્ષે દહેગામમાં ૫૨ મી.મી., ગાંધીનગરમાં ૬૨ મી.મી., કલોલમાં ૧૨૩ મી.મી. અને માણસામાં ૮૩ મી.મી. વરસાદ નોંધાયો છે. જે જિલ્લાની ચોમાસાની સિઝનનો ૧૧.૩૭ ટકા થાય છે. જિલ્લામાં દહેગામમાં ૬.૪૫ ટકા, ગાંધીનગરમાં ૧૨.૫૯ ટકા, કલોલમાં ૧૫.૭૩ ટકા અને માણસામાં ૧૦.૩૮ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં વરસાદની ખેંચ વચ્ચે આજથી શરૂ થયેલા ચાર્તુમાસમાં લોકો હવે મેઘરાજા મન મુકીને જિલ્લા પર હેત વરસાવે તેવી પ્રાર્થનાઓ શરૂ કરી દીધી છે.

દરમ્યાન દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા જિલ્લા માટે હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૩૨માં આખાય સપ્તાહ દરમ્યાન હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

તા. ૨૧ થી ૨૬ જુલાઈ સુધીની હવામાનની સંભાવનાઓ વ્યક્ત કરતાં આ બુલેટીનમાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૦ હજારથી વધુનું વેક્સિનેશન

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજે વેક્સિનેશન અભિયાન વધુ સઘન બનાવવામાં આવ્યુ છે. જિલ્લામાં આજે ૧૦,૭૭૨ લોકોને વેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૭૯૪૮ લોકોને અને ગાંધીનગર શહેરમાં ૨૮૨૪ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૭૦ ટકા જેટલા લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યાનું જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યુ હતુ. આજે પત્રકારો સાથે અવિધિસરની વાતચીત દરમ્યાન જણાવ્યુ હતુ કે શરૂઆતમાં વેક્સિનેશનનો ઈન્કાર કરતા લોકો હવે હોંશે હોંશે આગળ આવી રહ્યા છે. જિલ્લામાં જે રીતે અભિયાન આગળ વધી રહ્યુ છે તે જોતાં ઓગષ્ટ માસ સુધીમાં તમામને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં લગભગ કોઈ રૂકાવટ નહિ થાય તેમ તંત્રનું કહેવુ છે.

જિલ્લામાં પ્રથમ ડોઝની કામગીરી સંપન્ન થયા બાદ બીજો ડોઝ આપવાની કામગીરી સતત ચાલશે. જિલ્લામાં ૨ લાખ જેટલા લોકોને બન્ને ડોઝ આપી દેવામાં આવ્યાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. વેક્સિનેશન અભિયાનમાં ૧૮+ યુવાઓએ જબરજસ્ત પ્રતિસાદ આપ્યો હોવાનું પણ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

# ફેબ્રુ.૨૦ થી જુન-૨૧ના ગાળા દરમ્યાન ૧૬ બાળ મજૂરોને તંત્રએ મુક્ત કરાવ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં ફેબ્રુ.૨૦થી જુન-૨૧ દરમ્યાન ૧૬ જેટલા બાળમજૂરોને મુક્ત કરાવી અને તેમના પુનઃ સ્થાપનની વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષપદે આજે લેબર ટાસ્કફોર્સની મળેલ સમીક્ષા બેઠકમાં આ વિગતો આવી હતી. ચાઈલ્ડ લેબર અને લેબર ટાસ્કફોર્સની બેઠકની મળતી વિગતો પ્રમાણે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા આ સમયગાળામાં ૩૪ જેટલી રેઈડ કરવામાં આવી હતી.

મળતી વિગતો પ્રમાણે બે શિશુ બાળમજૂરો મુક્ત કરાવ્યા હતા અને રેઈડ દરમ્યાન મળી આવતાં આ અંગે એફ.આઈ.આર. તંત્ર દ્વારા કરવામાં આવી છે. જ્યારે ૧૪ થી ૧૮ વર્ષની આયુ ધરાવતા ૧૪ જેટલા કિશોર શ્રમજીવીઓ મળી આવતાં તેમને પણ મુક્ત કરાવ્યા હતા અને કેસો લેબર કોર્ટમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લામાં બાળમજૂરીના દૂષણને ડામવા માટે કલેક્ટરે જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ તેમજ આગામી દિવસો માટેનો રોડમેપ તૈયાર કરવા પણ તેમણે જણાવ્યુ હતુ.

આ બેઠકમાં શ્રમ અને રોજગાર વિભાગના અધિકારીઓ, બાળ આયોગના અધિકારીઓ તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૯
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com